SBEC BRAMPTON
SMALL BUSINESS
ENTERPRISE CENTRE
www.brampton-business.com
33 Queen St. West, પહેલો માળ, Brampton, ON L6Y 1L9
ફોન: ૯૦૫-૮૭૪-૨૬૫૦   ફેક્સ: ૯૦૫-૮૭૪-૨૬૭૦

# ઓન્ટેરિયોમાં તમારો ધંધો ઇનકોર્પોરેટ (સંસ્થાપિત) કરવો

**ઇનકોર્પોરેશન માટે દાવો નોંધાવવો**
ઓન્ટેરિયોમાં ધંધો ઇનકોર્પોરેટ કરવાની ઇચ્છા ધરાવનાર ગ્રાહકો માટે સેવા મેળવવાના ચાર પર્યાયો ઉપલબ્ધ છે :

- ટોરન્ટોમાં, 375 University Ave, Ste 200 (૩૭૫ યુનિવર્સીટી એવન્યુ, સ્વીટ ૨૦૦) – (416) 314-8880 પર Ministry of Government Services (MGS) (મિનિસ્ટ્રી ઓફ ગવર્મેન્ટ સર્વિસીઝ) ની Companies and Personal Property Security Branch Public Office (કંપનીઝ એન્ડ પર્સનલ પ્રોપર્ટી સિક્યોરિટી બ્રાન્ચ પબ્લિક ઓફિસ) માં હાથોહાથ Articles of Incorporation (આર્ટિકલ્સ ઓફ ઇન્કોર્પોરેશન) રજૂ કરવા.
- આ શાખામાં Articles of Incorporation (આર્ટિકલ્સ ઓફ ઇન્કોર્પોરેશન) ટપાલ દ્વારા પહોંચાડવા. Ministry of Government Services (MGS) (મિનિસ્ટ્રી ઓફ ગવર્મેન્ટ સર્વિસીઝ) ની કંપનીઝ એન્ડ પર્સનલ પ્રોપર્ટી સિક્યોરિટી બ્રાન્ચ: Suite 200, 393 University Avenue, Toronto, ON, M5G 2M2 (સ્વીટ ૨૦૦, ૩૯૩ યુનિવર્સીટી એવન્યુ, ટોરન્ટો, ઓન્ટેરિયો, એમ૫જી ૨એમ૨)
  - Service Ontario **(સર્વિસ ઓન્ટેરિયો) ના બીજા ૧૫ સ્થળોએ હાથોહાથ** Articles of Incorporation **(આર્ટિકલ્સ ઓફ ઇન્કોર્પોરેશન) સ્વીકારવામાં આવે છે:** http://www.ontario.ca/ontprodconsume/groups/content/@gopsp/@so/@bus/@companies/documents/document/stel02_168162.pdf
- મિનિસ્ટ્રી સાથે કરારથી જોડાયેલા બે Service Providers (સર્વિસ પ્રોવાઇડર્સમાં) થી એક સાથે ઇન્ટરનેટ દ્વારા Articles of Incorporation (આર્ટિકલ્સ ઓફ ઇન્કોર્પોરેશન) ઇલેક્ટ્રોનિકલી નોંધાવવો: http://www.cyberbahngroup.com/CyberbahnCMS/ અથવા www.oncorp.com
- કોઇ વકીલ અથવા કેળવાયેલ ધંધાદારી વ્યક્તિને રોકો. ધંધાને સંસ્થાપિત કરવાની પ્રક્રિયા ગૂંચવણભરેલી છે, જે કાયદાકીય અને નાણાંકીય સૂચિતાર્થોવાળી હોય છે. એક વકીલ અથવા કોઇ બીજી કેળવાયેલ ધંધાદારી વ્યક્તિ ફરજિયાત NUANS નામને લગતી શોધ અને બધા જ જરૂરી ઇન્કોર્પોરેશન આર્ટિકલ્સ સહિત તમારા બધા જ કાગળિયાની તમારા

માટે નોંધણી કરાવશે. તમને સંપૂર્ણ પેકેજ મળશે, જેમ કે કોર્પોરેટ સીલ, મિનીટ્સ બુક અને સલાહ. જો આમાંની એકાદ કોઇ ધંધાદારી વ્યક્તિનો સંપર્ક કરવા માટેની માહિતી જોઇતી હોય તો મહેરબાની કરીને અમારા કોઇ એક પ્રતિનિધિને પૂછો.

### કાગળના ફોર્મ્સનો હાથોહાથ અથવા ટપાલ દ્વારા ઉપયોગ કરવો

જો તમે પેપર ફોર્મ્સ વાપરવાના હો તો, તમારે નીચે મુજબની નોંધ કરાવવી જરૂરી બને છેઃ

- આર્ટિકલ્સ ઓફ ઇન્કોર્પોરેશનની બે કોપી પૂરેપૂરી ભરેલી. બન્ને કોપીમાં મૂળ હસ્તાક્ષર હોવા જરૂરી છે. **મહેરબાની કરીને નોંધ લેશો કે બધા જ ધંધાકીય કોર્પોરેશનોના શેર હોવા જરૂરી છે.** ફોર્મ્સનું આર્ટિકલ ૬ **પૂરેપૂરું ભરેલુ હોવુ જોઈએ.** ( ૧ શેરધારક કબૂલ છે) ફોર્મ્સ http://www.forms.ssb.gov.on.ca/mbs/ssb/forms/ssbforms.nsf પર અથવા કાનૂની લેખન સરંજામ ધરાવતી દુકાનોમાં અથવા નેઇમ સર્ચ હાઉસિસમાં ઉપલબ્ધ હોય છે.
- જો નંબરવાળી કંપની સંસ્થાપિત કરતા હો તો ઓન્ટેરિયો – આધારિત Newly Upgraded Automated Name Search (NUANS) (ન્યુલી અપગ્રેડેડ ઓટોમેટેડ નેઇમ સર્ચ) નો મૂળ અહેવાલ જરૂરી નથી. ઓનલાઇન નેઇમ સર્ચ www.nuans.com પર ઉપલબ્ધ છે. મહેરબાની કરીને નોંધ લેશો કેઃ Companies and Personal Property Security Branch **(કંપનીઝ એન્ડ પર્સનલ પ્રોપર્ટી સિક્યોરિટી બ્રાન્ચ)** આ શોધખોળ પૂરી **પાડતી નથી.**
- એક આવરણ–પ ા, જે કોર્પોરેશન માટેનાં નામ, જવાબી સરનામું અને ટેલિફોન નંબરની ઓળખ દર્શાવતો હોય.
- મિનિસ્ટ્રી ઓફ ફાયનાન્સને ઉદ્દેશીને ૩૬૦ ડોલર (GST (જીએસટી) નહી) ની ફી. સર્ટિફાઇડ ચેક, મની ઓર્ડર અથવા અંગત ચેક વડે ચૂકવણી કરવી જરૂરી છે. અંગત ચેક પર પહેલેથી છાપેલ નામ, સરનામું, બેન્ક ટ્રાન્ઝિટ નંબર અને ખાતાંનો નંબર હોવા જરૂરી છે. રોકડ રકમ, Visa (વિઝા), MasterCard (માસ્ટર કાર્ડ), AMEX (એમેક્સ) અને Interac (ઇન્ટરેક) વડે હાથોહાથ ચૂકવણી કરી શકાય છે.
- જો જરૂરી હોય તો, વધારાના દસ્તાવેજો. **મહેરબાની કરીને નોંધ લેશો કેઃ** હવેથી Consent to Act as First Director (કન્સેન્ટ ટુ એક્ટ એઝ ફર્સ્ટ ડાયરેક્ટર) Branch (બ્રાન્ચ) માં ભરવાની જરૂર નથી પણ એ કોર્પોરેશનની રજીસ્ટર્ડ ઓફિસમાં રાખવી જરૂરી છે. બિઝનેસ ઇન્કોર્પોરેશન ફોર્મ્સ કાનૂની લેખન સરંજામ ધરાવતી દુકાનો અથવા નેઇમ સર્ચ હાઉસિસ માંથી ખરીદી શકાય છે, અથવા ઇન્ટરનેટ પરથી Company Forms Web site (કંપની ફોર્મ્સ વેબસાઇટ): http://www.forms.ssb.gov.on.ca/mbs/ssb/forms/ssbforms.nsf/FormDetail?OpenForm&ACT=RDR&TAB=PROFILE&ENV=WWE&NO=007-07117 પરથી ડાઉનલોડ કરી શકાય છે.
- શું જરૂરી હોય છે એ વિષેની વધુ માહિતી માટે મુલાકાત લોઃ http://www.ontario.ca/en/business/STEL02_163189 અને www.canadabusiness.ca અને "ઇન્કોર્પોરેશન (incorporation)" શોધો.

### બિઝનેસ કોર્પોરેશન્સ એક્ટઃ

નીચે મુજબની સેવાઓ માટે CPPSB (સીપીપીએસબી) ને ટપાલ વડે તપાસ કરવા માટે ૨-૪ અઠવાડિયાનો સમય આપોઃ

- તાત્કાલિક ઓવર-ધ-કાઉન્ટર સેવા અથવા ટપાલ દ્વારા સેવા માટે ૩૬૦ ડોલર
- Service Providers (સર્વિસ પ્રોવાઇડર્સ) દ્વારા "ઇલેક્ટ્રોનિકલી ફાઇલિંગ" કરવાની તાત્કાલિક સેવા માટે 300 ડોલર, નીચે {Service Providers (સર્વિસ પ્રોવાઇડર) ફી ઉમેરો}
- જ્યારે Business Corporation Act (બિઝનેસ કોર્પોરેશન્સ એક્ટ) ના ાણથી વધારે દસ્તાવેજો ઓવર-ધ-કાઉન્ટર ફાઇલ કરવામાં આવશે, ત્યારે વધુ લેવડ-દેવડ માટેની ખાસ સેવા માટેની વધારાની ૨૫ ડોલરની ફી, ાણથી વધારાની દરેક લેવડ-દેવડ માટે, ફાઇલિંગ ફીની ઉપરાંત લેવામાં આવશે. આ સેવા ફક્ત આયોજિત મુલાકાત મુજબ જ મળે છે.

**નંબર ધરાવતી કંપની**
જો કોઇ અરજદારની નંબર ધરાવતા નામ સાથે સંસ્થાપિત કરવાની ઇચ્છા હોય તો, નેઇમ સર્ચ જરૂરી નથી. The Companies and Personal Property Security Branch (ધ કંપનીઝ એન્ડ પર્સનલ પ્રોપર્ટી સિક્યોરિટી બ્રાન્ચ) એક નંબર આપશે. ફોર્મ્સ ભરતી વખતે ૯ ચોકઠાં ખાલી છોડી દો (નંબર માટે) અને ત્યાર બાદ "ONTARIO" શબ્દ અને એના પછી કાયદાનું તત્વ.

**ઇલેક્ટ્રોનિકલી ફાઇલિંગ કરતી વખતે**
તમે જો ઇલેક્ટ્રોનિકલી સંસ્થાપિત કરતા હો તો તમારે નીચે મુજબ કરવું જરૂરી છે:

- મુખ્ય ઇલેક્ટ્રોનિક સેવા આપનારામાંથી એકની સેવા લો:
- **Cyberbahn** http://www.cyberbahngroup.com/CyberbahnCMS/
- 416-595-9522 અથવા 1-800-806-0003 અથવા
- **OnCorp Direct Inc** પર http://www.oncorp.com/home/incorporation.asp
- 416-964-2677 અથવા 1-800-461-7772
- **મહેરબાની કરીને નોંધ લેશો કે બધા જ ધંધાકીય કોર્પોરેશનોના શેરો હોવા જરૂરી છે.** જેથી કરીને ફોર્મ્સનાં આર્ટિકલ ૬ પૂરેપૂરા ભરવા જરૂરી છે.
- ઓન્ટેરિયો - આધારિત NUANS નેઇમ સર્ચ મેળવો અને શોધાયેલ નામ, NUANS આરક્ષિત રેફરન્સ નંબર અને NUANS તારીખ પૂરા પાડો: www.nuans.com
- કોર્પોરેશન માટેના સંપર્કનું નામ, જવાબી સરનામું અને ટેલિફોન નંબરની ઓળખ આપતો ઓન-લાઇન આવરણ-૫ ા ભરો.
- કાયદા મુજબની 300 ડોલરની ફી ભરો. તદુપરાંત, દરેક મુખ્ય ઇલેક્ટ્રોનિક સેવા આપનાર પોતાની સેવાઓ માટે એક ફી લે છે ( ક્રેડિટ કાર્ડ દ્વારા અથવા મુખ્ય ઇલેક્ટ્રોનિક સેવા આપનાર સાથે ખાતાંની ગોઠવણ કરીને ચૂકવણી થઇ શકે છે).

**ફેડરલ ઇનકોર્પોરેશન**: www.strategis.gc.ca/corporations પર ઓન-લાઇન.

**કેન્દ્રિય અને પ્રાંતિય ઇનકોર્પોરેશનની સરખામણી કરવા વિષે વધુ જાણો:**

http://www.incorper.com/FedvsOnt.html.